પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૫૦ | ૪ માર્ચ, ૨૦૨૩, શનિવાર; ફાગણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# તેજી : સેન્સેક્સમાં ૯૦૦ પોઈન્ટનો ઊછાળો

**નિફ્ટીમાં ૨૭૨ પોઈન્ટનો જોરદાર ઊછાળો : અદાણી ગ્રૂપની કંપનીઓના શેરમાં જબરદસ્ત ઉછાળો : અદાણી પોર્ટ્સ, એસબીઆઈ, ભારતી એરટેલ અને એસબીઆઈ લાઈફના શેર તેજી સાથે બંધ થયા : તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાન સાથે બંધ**



મુંબઈ, તા.૩

અદાણી ગ્રૂપની કંપનીઓના શેરમાં જબરદસ્ત ઉછાળો અને બેંકિંગ સહિત વિવિધ ક્ષેત્રોના શેરોમાં ખરીદીને કારણે શુક્રવારે સ્થાનિક શેરબજારો ૧.૫૦ ટકાથી વધુના ઉછાળા સાથે બંધ થયા હતા. બીએસઈ સેન્સેક્સ ૮૯૯.૬૨ પોઈન્ટ એટલે કે ૧.૫૩ ટકાના વધારા સાથે ૫૯,૮૦૮.૯૭ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. એ જ રીતે એનએસઈ નિફ્ટી ૨૭૨.૪૫ પોઈન્ટ એટલે કે ૧.૫૭ ટકાના વધારા સાથે ૧૭,૫૯૪.૩૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાન સાથે બંધ થયા છે.

એનએસઈ નિફ્ટીમાં અદાણી એન્ટરપ્રાઈઝે ૧૬.૬૦ ટકાનો સૌથી મોટો ઉછાળો જોયો હતો. આ સિવાય અદાણી પોર્ટ્સ, એસબીઆઈ, ભારતી એરટેલ અને એસબીઆઈ લાઈફના શેર તેજી સાથે બંધ થયા હતા.

નિફ્ટીમાં સૌથી વધુ ૨.૦૯ ટકાના ઘટાડા સાથે ટેક મહિન્દ્રા સૌથી વધુ ઘટ્યો હતો. આ સિવાય અલ્ટ્રાટેક સિમેન્ટ, સિપ્લા, ડિવિસ લેબ અને નેસ્લે ઈન્ડિયાના શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## રશિયાએ પાકિસ્તાનને ૫૦ હજાર ટન ઘઉંનો જથ્થો મોકલ્યો

**૯ જહાજોમાં ઘઉંનો માલ રશિયાથી પાકિસ્તાન પહોંચવાનો છે, હાલમાં પાકિસ્તાનમાં મોંઘવારી ૫૦ વર્ષની ટોચે પહોંચી**

કરાચી, તા.૩

આર્થિક સંકટ અને ડિફોલ્ટના ભય વચ્ચે બ્રેડ-બટર અને ઘઉં-રોટલી માટે લડી રહેલા પાકિસ્તાનના લોકો માટે સારા સમાચાર છે. પાકિસ્તાનની આજીજી બાદ હવે રશિયાથી ઘઉંનો પહેલો માલ ગ્વાદર પોર્ટ પર પહોંચી ગયો છે. કાર્ગો શિપ 'એમવી લીલા ચેન્નાઈ' ૫૦ હજાર ટન ઘઉં લઈને પાકિસ્તાન પહોંચી ગયું છે. આવા ૯ જહાજોમાં ઘઉંનો માલ રશિયાથી પાકિસ્તાન પહોંચવાનો છે. હાલમાં પાકિસ્તાનમાં મોંઘવારી ૫૦ વર્ષની ટોચે પહોંચી ગઈ છે અને લોટની કિંમત સરકારના ૧૦૫ના નક્કી કરેલા ભાવની સામે ૧૩૦ રૂપિયા પ્રતિ કિલોએ રાખી છે.



પાકિસ્તાનમાં લોટ માટે હોબાળો થયા બાદ શાહબાઝ શરીફ સરકારે રશિયાને ઘઉં માટે અપીલ કરી હતી. આ પછી બંને દેશો વચ્ચે ઘઉંના પુરવઠાને લઈને સમજૂતી થઈ હતી. આ અંતર્ગત પાકિસ્તાન રશિયા પાસેથી કુલ ૪,૫૦,૦૦૦ મેટ્રિક ટન ઘઉં ખરીદશે. આ ઘઉં કુલ ૯ જહાજોની મદદથી રશિયાથી પાકિસ્તાન લાવવામાં આવશે. યુક્રેન યુદ્ધ પછી ઘઉંની તીવ્ર અછતનો સામનો કરી રહેલા પાકિસ્તાનને રશિયા દ્વારા ઘઉં મોકલવાથી મોટી રાહત મળી છે.

રશિયાએ એવા સમયે પાકિસ્તાનને ઘઉંની સપ્લાય કરી છે જ્યારે દુનિયામાં ખાદ્યપદાર્થોની ભારે કટોકટી ચાલી રહી છે. તે જ સમયે, પાકિસ્તાને યુદ્ધની વચ્ચે યુક્રેનને બોમ્બ સપ્લાય કરીને રશિયાને મોટો ઝટકો આપ્યો હતો. આ ગદ્દારી પછી પણ રશિયાના રાષ્ટ્રપતિએ પાકિસ્તાન પ્રત્યે ઉદારતા દર્શાવતા ઘઉંની સપ્લાય કરી છે.

એક તરફ પાકિસ્તાન યુક્રેનને બોમ્બ વેચીને ડોલરો કમાઈ રહ્યું છે તો બીજી તરફ તે પાકિસ્તાની લોકોને ખવડાવવા માટે રશિયા સમક્ષ આજીજી કરી રહ્યું છે.

## વારાણસી એરપોર્ટ, વડાપ્રધાન-રાષ્ટ્રપતિ ભવન પર ડ્રોન હુમલાની ધમકી મળી

વારાણસી, તા.૩

લાલ બહાદુર શાસ્ત્રી ઈન્ટરનેશનલ એરપોર્ટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી અપાઈ છે. એરપોર્ટના ડિરેક્ટરને પોસ્ટ દ્વારા એક પત્ર મળ્યો હતો જેમાં વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ ભવન સહિત દેશના અનેક અન્ય મહત્ત્વપૂર્ણ સ્થળોએ ડ્રોન વડે હુમલા કરવાની ધમકી આપવામાં આવી હતી.

આ મામલો ધ્યાને આવતા જ વારાણસી પોલીસે અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે પોસ્ટ ઓફિસનો સંપર્ક સાધીને એ પણ જાણવા પ્રયાસ કર્યો હતો કે આ ધમકીભર્યો પત્ર ક્યાંથી મોકલાયો છે અને કોણે મોકલ્યો છે? આ પત્ર ગુરુવારે મળ્યો હતો. નિર્દેશકને સંબોધતા લખાયેલા આ પત્ર પર કોઈનું નામ લખેલું નથી.

## ભારતમાં બે વર્ષથી અમેરિકાના રાજદૂત નથી, નિમણૂક માટે માગ

**અમેરિકાની સરકાર સામે સવાલો ઊઠાવાયા : જો એરિક ગારસેટ્ટીના નામને સેનેટથી મંજૂરી ન મળે તો અન્ય વ્યક્તિને ભારતમાં રાજદૂત બનાવી દેવા સાંસદની માગ**

વોશિંગ્ટન, તા.૩

અમેરિકાની સત્તાધારી ડેમોક્રેટિક પાર્ટીના સેનેટર(સાંસદ) એ પોતાની જ સરકાર સામે સવાલો ઊઠાવતા કહ્યું કે ભારતમાં બે વર્ષથી અમેરિકી રાજદૂતની ગેરહાજરી શરમજનક છે. તેમણે કહ્યું કે જો એરિક ગારસેટ્ટીના નામને સેનેટથી મંજૂરી ન મળે તો આપણે કોઈ અન્ય વ્યક્તિને ભારતમાં રાજદૂત બનાવી દેવા જોઈએ.

ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ જો બાઈડેને લોસ એન્જેલસના પૂર્વ મેયર એરિક ગારસેટ્ટીની ભારતમાં અમેરિકાના નવા રાજદૂત તરીકે નિમણૂક કરી છે. જોકે હજુ સુધી ગારસેટ્ટીના નામે સેનેટથી મંજૂરી મળવાની બાકી છે. અમેરિકાના સાંસદ માર્ક વાર્નરે કહ્યું કે આ શરમજનક છે, અમે કહીએ છીએ કે આ દુનિયામાં સૌથી મહત્ત્વપૂર્ણ અને

● અનુસંધાન પાન-૭ પર

## ઈન્દોર ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાનો નવ વિકેટથી પરાજય થયો

**ભારતમાં છ વર્ષ બાદ ટેસ્ટ જીત્યું ઓસ્ટ્રેલિયા : ઓસ્ટ્રેલિયાએ ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે લંચ પહેલા મેચ સમાપ્ત કરી દીધી હતી**

નવી દિલ્હી, તા.૩

ઓસ્ટ્રેલિયાએ ચાર ટેસ્ટ મેચની શ્રેણીની ત્રીજી મેચમાં ટીમ ઈન્ડિયાને નવ વિકેટે હરાવ્યું છે. આ જીત સાથે તેણે શ્રેણીમાં વાપસી કરી લીધી છે. આ સીરિઝમાં ભારત ૨-૧થી આગળ છે. ઓસ્ટ્રેલિયાને બીજી ઈનિંગમાં જીતવા માટે ૭૬ રનનો ટાર્ગેટ મળ્યો હતો. તેણે મેચના ત્રીજા દિવસે (શુક્રવારે) ૭૮ રન બનાવીને મેચ પોતાના નામે કરી લીધી હતી. હવે બંને દેશો વચ્ચે ચોથી ટેસ્ટ ૯ માર્ચથી અમદાવાદમાં રમાશે. ઓસ્ટ્રેલિયાએ ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે લંચ પહેલા મેચ સમાપ્ત કરી દીધી હતી. તેણે ૧૮.૧ ઓવરમાં ૭૬ રનનો ટાર્ગેટ હાંસલ કર્યો હતો. કાંગારૂ ટીમે એક વિકેટ પર ૭૮ રન બનાવ્યા હતા.



ટ્રેવિસ હેડ ૫૩ બોલમાં ૪૯ રન બનાવીને અણનમ રહ્યો હતો. જ્યારે માર્નસ લાબુશેને અણનમ ૨૮ રન બનાવ્યા હતા. ઉસ્માન ખ્વાજા ખાતું ખોલાવી શક્યો ન હતો. આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ શ્રેણીમાં વાપસી કરી લીધી છે. પ્રથમ બે ટેસ્ટ જીત્યા બાદ પણ ભારત ૨-૧થી આગળ છે. હવે બંને દેશો વચ્ચે ચોથી ટેસ્ટ ૯ માર્ચથી અમદાવાદમાં રમાશે. ભારતે પ્રથમ દાવમાં ૧૦૯ રન બનાવ્યા હતા. જ્યારે ઓસ્ટ્રેલિયાએ ૧૯૭ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાને પ્રથમ દાવના આધારે ૮૮ રનની લીડ મળી હતી. આ પછી ભારતીય ટીમ બીજા દાવમાં ૧૬૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. તેને ૭૫ રનની લીડ બનાવી હતી. આ રીતે ઓસ્ટ્રેલિયાને ટેસ્ટ જીતવા માટે ૭૬ રનનો ટાર્ગેટ મળ્યો હતો.

## સોનિયા ગાંધીની તબિયત લથડતાં દિલ્હીની ગંગારામ હોસ્પિ.માં દાખલ

નવી દિલ્હી, તા.૩

યુપીએના ચેરપર્સન અને કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષા સોનિયા ગાંધીની તબિયત લથડતાં દિલ્હીની ગંગારામ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યાં છે. તેમને તાવ આવતો હોવાથી ગુરૂવારે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. હાલમાં ડોક્ટરો દ્વારા તેમની સારવાર શરૂ કરી દેવાઈ છે. દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલ તરફથી જાહેર કરવામાં આવેલા હેલ્થ બુલેટીન પ્રમાણે સોનિયા ગાંધીની ચેસ્ટ મેડિસિન ડિપાર્ટમેન્ટના સિનિયર કન્સલ્ટન્ટ ડો. અરૂપ બાસુની દેખરેખમાં સારવાર ચાલી રહી છે. તેમના રીપોર્ટ્સ પણ કરાવવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં તેમની હાલત સ્થિર છે. રાહુલ ગાંધી હાલમાં વિદેશ પ્રવાસે છે. એવામાં જ સોનિયા ગાંધીની તબિયત ખરાબ થતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે.




## તૃણમૂલ કોંગ્રેસ લોકસભા ચૂંટણી એકલી જ લડશે

કોલકાતા, તા.૩

આગામી ૨૦૨૪માં લોકસભાની ચૂંટણીમાં વિપક્ષને એકજૂટ કરવાના અભિયાનને તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનરજીની તાજેતરની જાહેરાતથી મોટો આંચકો લાગશે. પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આગામી લોકસભાની ચૂંટણીમાં કોઈપણ વિપક્ષી દળ સાથે ગઠબંધન કરવાની શક્યતાઓને નકારી કાઢી છે. તેમણે કહ્યું કે તૃણમૂલ કોંગ્રેસ લોકસભાની ચૂંટણી એકલી જ લડશે. અમે ૨૦૨૪માં લોકો અને અમારી પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ વચ્ચે ગઠબંધન થતું જોઈશું. અમે કોઈ અન્ય રાજકીય પક્ષ કે લોકો સાથે ગઠબંધન નહીં કરીએ. અમે લોકોના ટેકાની તાકાત પર એકલા આ ચૂંટણી લડશું.

## તામિલનાડુના કોયમ્બતૂર-ધર્મપુરી જિલ્લામાં જંગલી હાથીઓએ બેને કચડી નાખ્યા

**કોયમ્બતૂર-ધર્મપુરી જિલ્લામાં જંગલી હાથીઓનો કહેર : ધર્મપુરીના પલાકોડમાં જંગલી હાથી પાકને ભારે નુકસાન પહોંચાડી રહ્યા છે જેનાથી વિસ્તારના ખેડૂતોમાં નારાજગી**

ચેન્નઈ, તા.૩

તમિલનાડુના કોયમ્બતૂર જિલ્લા અને ધર્મપુરી જિલ્લામાં જંગલી હાથીઓએ કહેર મચાવ્યો છે. કોયમ્બતૂર જિલ્લામાં જંગલી હાથીઓએ હુમલાની બે અલગ-અલગ ઘટનાઓમાં બે લોકોને કચડીને મારી નાખ્યા. ધર્મપુરી જિલ્લાના પલાકોડમાં જંગલી હાથી પાકને ભારે નુકસાન પહોંચાડી રહ્યા છે. જેનાથી વિસ્તારના ખેડૂતોમાં નારાજગી આવી ગઈ છે અને ભારે નુકસાનનો લોકો વિરોધ કરી રહ્યા છે. ખેડૂતોની માંગણી છે કે આ હાથીઓને પકડવામાં આવે. વન વિભાગના સૂત્રોએ કહ્યુ કે તેઓ હાથી પર નજર રાખી રહ્યા છે અને જો જરૂર પડી તો કડક કાર્યવાહી કરશે.

કોયમ્બતૂર જિલ્લાની થડગામ ખીણના મંગરાઈમાં કૃષિ વિસ્તારમાં ગુરૂવારે એક જંગલી



હાથીએ મહેશ કુમાર (૩૮ વર્ષ) ને કચડીને મારી નાખ્યા. તો એક અન્ય ઘટનામાં કોયમ્બતૂર જિલ્લાના અનાઈકટ્ટી નજીક એક શંકાસ્પદ હાથીના હુમલામાં ૬૭ વર્ષીય એમ. મારુથચલમ (૬૭ વર્ષ)નું મોત નીપજ્યુ.

આ મામલે વન વિભાગના અધિકારીએ જણાવ્યુ કે તેઓ અનાઈકટ્ટી નજીક કાલકાડૂ ગામના રહેવાસી હતા. તેમનો મૃતદેહ અનાઈકટ્ટી સાઉથ રિઝર્વ ફોરેસ્ટથી લગભગ એક કિમીના અંતરે મળ્યો. વિસ્તારમાં ૩ હાથી

● અનુસંધાન પાન-૭ પર